<u>નવી બાબત: ૨૦૨૩-૨૦૨૪</u>

**કમિશ્નરશ્રી, મહિલા બાળ વિકાસ માટે ગુડ ગર્વનન્સ અંતર્ગત વિવિધ યોજનાના લાભાર્થીઓને આપવામાં આવતાં લાભોનું ટ્રેકીંગ (લાસ્ટ માઈલ ટ્રેકીંગ) અને ડીઝીટીલાઇઝેશન બાબત (પુષ્ટિ૨.૦)**

**ગુજરાત સરકાર**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**ઠરાવ ક્રમાંક : WCDD/IMR/e-FILE/23/2023/0169/B (ICDS)**

**સચિવાલય, ગાંધીનગર.**

**આમુખ :**

મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત સંકલિત બાળ વિકાસ સેવા (ICDS) યોજના રાજ્યના 33- જિલ્લાઓ અને 7- મહાનગરપાલિકાઓમાં 53,029 આંગણવાડી કેન્દ્રોનાં માધ્યમથી પોષણ સંબંધિત વિવિધ યોજનાઓ મારફત રાજ્યનાં લાભાર્થીઓ (જેમાં ૬ માસથી ૬ વર્ષનાં બાળકો, ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓ)ને લાભ આપવા સતત કાર્યરત છે.

સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત વિવિધ પ્રકારની યોજનાઓ જેમ કે, પુરક પોષણ, મુખ્યમંત્રી માતૃશકિત યોજના, દુધ સંજીવની યોજના અને પોષણસુધા યોજના વિગેરે દ્વારા લાભાર્થીઓનાં આરોગ્ય અને પોષણના સ્તર સુધારવાનો પ્રયાસ કરવામાં આવી રહેલ છે. દરેક યોજનામાં લાભાર્થીઓનું એટેન્ડન્સ, ટ્રેકીંગ અને તે અંગેનું મોનીટરીંગ થાય તે ખુબ જ જરૂરી છે. આ બાબતો માટે ઈન્ફોરમેશન ટેકનોલોજીનો ઉપયોગ કરી આપવામાં આવતી સેવાઓનું સુદ્રઢીકરણ, પારદર્શકતામાં વધારા સાથે ઈ-ગર્વનન્સના ભાગરૂપે ગુડ ગર્વનન્સ સુનિશ્ચિત કરી શકાય છે.

લાભાર્થીઓનું એટેન્ડન્સ અને લાસ્ટ માઇલ ટ્રેકીંગ સરળતાથી થાય તે માટે મોબાઇલ ઓટીપી ઉપરાંત ફોટો, આધાર અને બાયોમેટ્રીક વિગેરે માધ્યમથી કરવા પ્રાયોગિક ધોરણે PuShTi2.0 (Poshan Umbrella of Supply Chain through Tech-innovation) ની નવી બાબત વિચારણા હેઠળ હતી. જે પુખ્ત વિચારણાનાં અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

/// ઠરાવ ///

વિવિધ યોજનાઓના લાભાર્થીઓનું એટેન્ડન્સ અને લાસ્ટ માઇલ ટ્રેકીંગ માટે સરકારશ્રી દ્વારા પ્રાયોગિક ધોરણે PuShTi2.0 ની નવી બાબતની મંજુરી આપવામાં આવે છે, જેમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ રહેશે.

૧. આ બાબતનું નામ " PuShTi 2.0 " રહેશે.

૨. આ નવી બાબત અંતર્ગત લાસ્ટ માઈલ બેનેફીશ્યરી ટ્રેકીંગ સિસ્ટમ માટે સોફ્ટવેર બનાવવા, આધાર ઓથેન્ટીકેશન તથા એટેન્ડન્સ ડીવાઇસ (ઈન્ટીગ્રેટેડ / ડીસક્રીટ) ખરીદવા, ડિઝાઇન ડેવલપમેન્ટ, સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટ્રેનિંગ અને રોલ આઉટ કરવા

૩. નેટવર્ક કનેકટીવીટી, MIS, ડીવાઈસ મેનેજમેન્ટ સોફટવેર બનાવવા (ડીવાઈસ ની સિકયુરીટી તથા ડેટા પ્રોટેકશન માટે)

૪. વેબ પોર્ટલ દ્વારા એટેન્ડન્સ અને લાસ્ટ માઈલ ટ્રેકીંગ સરળતાથી તથા પારદર્શક રીતે થઈ શકે તે આશયથી મોબાઈલ ઓટીપી ઉપરાંત ફોટો, આધાર બાયોમેટ્રીક અને અન્ય સંલગ્ન કામગીરી કરવા

૫. આઈ.સી.ડી.એસ. માટે કાર્યરત વિવિધ યોજનાના લાભાર્થીઓના એકીકરણ દ્વારા સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભ મળી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવી અને તેવા જરૂરી કંમ્પોનન્ટનો સમાવેશ કરવો.

| Sr.No. | Component | Details |
|---|---|---|
| 1 | Hardware | • Aadhar Authentication Device for Pilot AWCs |
| 2 | Software, API & MIS | • Development of software for attendance and Last-Mile |

| | | |
|---|---|---|
| | | Tracking of beneficiary<br>• MIS report and Dashboard |
| 3 | Network & Security | • Internet facility at device location<br>• Device Management System for Security of devices and Aadhar data |
| 4 | Management Cost | • Project Management Cost |

૬. PuShTi 2.0 માટેની મંજુરી પ્રાયોગિક ધોરણે હોય ઉપરોકત દર્શાવેલ અંદાજીત કિંમતમાં વધ-ઘટ થઈ શકશે. જેથી " PuShTi 2.0 " માટે વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં રૂા. ૫૦૦.૦૦/- લાખની જોગવાઈમાં ઉપરોકત કમ્પોનન્ટમાં યોજનાકીય ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે. જે બાબત માટે કરેલ જોગવાઈનો ખર્ચ નીચેની શરતોને આધીન કરવાનો રહેશે.

<u>શરતો :-</u>.

1. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
2. આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
3. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GEM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા: ૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે
4. આઈટી.હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનુ રહેશે. તેથી વધુ. સાધનો વસાવવામાં આવશે અને તે બિનઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત કચેરીની રહેશે.
5. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિનઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઈ શકે.
6. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.
7. નવી મશીનરી/આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and Maintenance માટે Manpowerની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતા તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.
8. નવી મશીનરી/આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનુ મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિંત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કામગીરી કરવાની રહેશે.
9. નવી મશીનરી/આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનુ ડેડસ્ટોક રજીસ્ટર નિભાવવાનુ રહેશે.
10. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
11. નવી મશીનરી/ આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદીવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોઈ કેન્દ્ર સરકાર તરફથી આવુ અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.
12. જો કોઈ કેન્દ્રિય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

13. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
14. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
15. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ-.નિયત પધ્ધતિથી કરવાનું રહેશે
16. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.
17. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની .રહેશે
18. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
19. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
20. નવી મશીનરીની ખરીદીના વિકલ્પે Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance કે અન્ય Hybrid Model થી કામગીરી લઈ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે .
21. આ યોજનાનો અમલ ૦૧/૦૪/૨૦૨૩ થી કરવાનો રહેશે.

**આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.**

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ |
| મુખ્ય સદર | : | ૨૨૩૬ (પોષણ) |
| પેડા મુખ્ય સદર | : | ૦૨ (પોષણ,ખાદ્ય અને પીણાંની વહેચણી) |
| ગૌણ સદર | : | ૧૦૧- ખાસ પોષણ કાર્યક્રમ |
| પેટા સદર | : | ૨૧- એનટીઆર-૨૧, વિજાણું યંત્ર માળખાગત વ્યવસ્થા (૧૦૦% State) |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૧૯/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતનાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(જે આઇ લેઉવા)**

**ઉપ સચિવ**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**પ્રતિ,**

1. માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
2. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
3. મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

4. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. અગ્ર સચિવશ્રી (અ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
7. સચિવશ્રી (આયોજન)ના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગર
8. સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
9. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
10. નિયામકશ્રી (આઈ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
11. નિયામકશ્રી (આઈ.ટી. અને ઈ-ગર્વનન્સ), બ્લોક નં. -૨, બીજો માળ, સી અને ડી વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર
12. ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, NIC, સચિવાલય, ગાંધીનગર
13. સર્વે કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, જિ. - ..............................
14. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન ................
15. સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી, જિ. -....................
16. વિભાગીય નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી, અમદાવાદ / વડોદરા / સુરત / રાજકોટ
17. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
18. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ) જીલ્લા પંચાયત કચેરી, જિ. - ................
19. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, (આઈસીડીએસ) મ્યુનિસિપલ કોર્પોરેશન કચેરી, જિ. - ................
20. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
21. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
22. નિવાસી ઓડીટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર
23. તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જીલ્લા પંચાયત તમામ
24. સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ ઉપર મુકવા સારૂં.
25. સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by: J I Leuva
Under Secretary
Date: 2023.07.03
17:27:30 +05:30